

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

કઠપૂતળીનું પતે કામ, દોરી તૂટી જાય છે,
શોષણ પછી, કરી લે હાથ ઊંચા, છૂટી જાય છે,
લૂંટી જાય છે નામના, ચારિત્ર્ય, કરી નાખે નગ્ન -
જશે એ પણ 'વણઝાર'માં, ભાગ્ય ભૂટી જાય છે!
('ભાજપ સાથે એનો કોઇ સંબંધ નથી.)
- આનંદીબેન

## હાઇકુ

જાણે બગાઇ!
પાડાની પીઠ પર -
કેજરી-પત્ર!
(ઇ'તો પૂંછડીથી જ ઉડાડી દેસે)

થઇ નિરાંત!
- કે થયું હવે ખાલી -
કુસ્તી મેદાન..
(૧૫મી સંસદ પૂરી)

## ચિંતન

*યસ્ય સ્નેહો ભયં તસ્ય સ્નેહો દુખસ્ય ભાજનમ્ ।*
*સ્નેહ મૂલાનિ દુખાનિ તાનિ ત્યક્તત્વા વસેત્સુખમ્ ॥*

'ચાણક્ય નીતિ'નો આ શ્લોક છે :

'જેને કોઇ પ્રત્યે પ્રેમ-સ્નેહ-લાગણી હોય છે તેનાથી જ એ વ્યક્તિને ભય પણ હોય છે અર્થાત્ પોતાનું સ્નેહીજન કોઇ વાતે નાખૂશ થઇ જશે - નારાજ થઇ જશે તો? આવો ભય પ્રેમીજનો-સ્નેહીજનને સતત સતાવતો રહે છે. ટૂંકમાં, પ્રેમ-સ્નેહ-વાત્સલ્ય લાગણીનો મોહ-માયા સુખ પણ આપે છે અને ભય-દુઃખનું કારણ પણ બને છે, માટે જ બુદ્ધિમાન-જ્ઞાની-પંડિતો સ્નેહ સંબંધ-પ્રેમમાયાના બંધનોનો ત્યાગ કરી સુખપૂર્વક-શાંતિથી-સામાજિક સંબંધોમાં વિવેકપૂર્વક તાટસ્થ્ય જાળવીને-શાંતિથી રહેવાનો પ્રયત્ન કરતા હોય છે.'

'અતિની ગતિ નહીં' આ અનુભવ યુક્ત નિયમમાં જ આ ચાણક્ય નીતિનો સાર છે : પ્રેમ-સ્નેહ-લાગણી-મમતા રાખવી એ પારાવારિક કર્તવ્યનો જ એક ભાગ છે. સગાં-સંબંધીઓ-મિત્રો પર સ્નેહ રાખવો એ ફરજ છે પણ એને કારણે 'માયા'ના બંધનમાં જઇ-ખોટું-સાચું કરીને પણ તેમને પ્રસન્ન રાખવાં કે એના માટે કર્તવ્ય-ફરજોમાં ચ્યૂત થઇ જવું યોગ્ય નથી. સ્નેહ સંબંધો બાંધવા-કેળવવા-નિભાવવામાં 'વિવેક' રાખવો જોઇએ.

## સુવિચાર

- તમારો સમય ખરાબ ચાલતો હોય તો ચિંતાના માર્ગે ખરાબ સમયની સાથે તમે ન ચાલો — ***- ડો. ગુણવંત શાહ***
- તમે ચિંતા કરો છો એનો અર્થ એ થાય છે કે તમે બધું જ કરો છો અને તમારા સિવાય બીજું કોઇ નહીં કરે તેવો અહંકાર તમે કરી રહ્યા છો — ***- જ્ઞાનસૂત્ર***
- ચારિત્ર્ય એટલે શુભ ઇચ્છાઓનો વિકાસ પામેલો સમુહ — ***- ધર્મસૂત્ર***
- દયાશીલ અંતઃકરણ એ પ્રત્યક્ષ સ્વર્ગ છે — ***- મોરારિ બાપુ***
- દાન ધર્મની પૂર્ણતા છે, ધર્મનો શૃંગાર છે — ***- જનકલ્યાણ***
- સાપને દાંતમાં, માખીને માથામાં, અને વીંછીને પૂછડીમાં ઝેર હોય છે, પરંતુ દુર્જનને અંગ અંગમાં ઝેર હોય છે — ***- પંચતંત્ર***
- ઉદાર હૃદય વિનાનો ધનિકજન પણ એક ભિખારી જ છે — ***- એસ. ભટ્ટાચાર્ય***

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

ઇશ્વર કંઇ વાર્તાઓની જેમ 'માંગ-માંગ, જે માંગે તે આપું' ને 'તથાસ્તુ' કહી કંઇ ફિલ્મો અને સિરીયલમાં હાજર થઇ જાય છે એમ કંઇ હાજર થઇ જતા નથી. એ આપણી હૃદયપૂર્વક કરવામાં આવેલી પ્રાર્થના સાંભળે જરૂર છે અને એ મુજબ (જો યોગ્ય માગણી હોય તો) કરે પણ છે, પરંતુ એ જોવા-સમજવાની આપણી પાસે યોગ્ય-હકારાત્મક દૃષ્ટિ હોવી જરૂરી છે.

ખ્રિસ્તી યુવાન જોસેફ સારો તરવૈયો હતો. શ્રદ્ધાળુ તો હતો જ. પહેલી વખત 'ઑલંપિક' સુધી પહોંચી શક્યો હતો. કોઇ પણ કાર્યના અમલ પહેલાં ઇશ્વર-ગોડને એ પ્રાર્થના અચૂક કરતો.

આજે ઓલંપિક તરણ સ્પર્ધા હતી. વહેલી સવારે સ્નાનાગારમાં પ્રેક્ટીસ માટે ગયો. દરરોજ દિવસ દરમિયાન જતો પણ આજે સ્પર્ધા હોઇ વહેલી સવારે આવ્યો, પણ કોઇ કારણસર સ્વીમીંગ પૂલની લાઇટો બંધ હતી. રોજની પ્રેક્ટીસ પ્રમાણે છેક ત્રીજા માળે કૂદકો મારવાના પ્લેટફોર્મ પર પહોંચ્યો ત્યાં એક અદ્ભૂત દૃશ્ય દીઠું. પોતાના જ પહોળા કરેલા હાથનું પડછાયાનું દૂરથી રોડલાઇટને કારણે-એક બિલ્ડીંગ પર પડતો હતો પણ એનાથી જાણે ભગવાન ઇશુ વધસ્તંભ પર ચઢેલા હોય તેવું દૃશ્ય સર્જાતું હતું.

જોસેફ ખૂશ થયો પણ ઇશ્વરે સાક્ષાત દર્શન દીધાં હોય એવો આનંદ આવ્યો અને મોટેથી, 'ઓ ગોડ પ્લીસ બ્લેસ મી' એમ બૂમ પડાઇ ગઇ. ત્યાં અચાનક સ્વીમીંગ પુલની લાઇટો થઇ, જોયું તો પૂલ સફાઇ કામ અને આજની સ્પર્ધાઓ માટે તદ્દન ખાલી જ હતો. જો અંધારામાં જોસેફ કૂદ્યો હોત તો?

જોસેફે ફરીવાર ભીંની આખે ઇશ્વરનો આભાર માન્યો.

Email - sureshchandrabhatt18@gmail.com


# માત્ર દોઢ પાનાની વાર્તાને ડાયરેક્ટરે બે કલાક સુધી જે રીતે રજૂ કરી છે, તે કાબિલે તારીફ છે

## વિચાર યાત્રા

- ડો. જય ઓઝા

## This HIGHWAY is perfect for Travel

કહાં હૂં, મૈં, અબ કહાં હૂં મૈં
આહે, ડર, ખુશી, રાસ્તે
કચ્ચી બાતેં, સચ્ચે વાદે
કહી પે ઇન સબ મેં
કહા હૂં મૈં ?
મૈંને ભી તો આના થા ઇસી તરફ
મેરી ભી તો રાહેં હૈ યહીં કહીં
ઉલઝનો કે દો રાહે
કહાં હૂં મૈં
રાસ્તો કી યે બાહે
આતે જાતે પૂછતી... કહાં હૂં મૈં?
ઊની ઊની બાદલ મેં ગયી સીમટ
જૈસે મેં હૂં જાડો (પાનખર) કી હવા કોઇ
સોચું ના કયા પીછે હૈ
દેખુ ના જો આગે હૈ
મન મેરા પૂછતા... મૈં કહાં હૂં ?
યાદે અબ ઝમીન, ખ્વાહીંશેં
પક્કી ચાહત, કચ્ચી કોશઇસે
કહી પે ઇન સબ મેં
કહાં હૂં મૈં...?




ફિલ્મ 'હાઇ-વે' નું આ ગીત ઇરશાદ કામીલે લખ્યું છે... ૧૩મી ફેબ્રુઆરીએ બર્લિન ફિલ્મ ફેસ્ટિવલમાં આ ફિલ્મનું સ્ક્રીનીંગ થયું હતું. ત્યાંની વાહવાહી લૂંટ્યા બાદ ગયા શુક્રવારે ૨૧ ફેબ્રુઆરીએ ભારતમાં આ ફિલ્મ પ્રદર્શિત થઇ...

'સોચા ન થા' (૨૦૦૫), જબ વી મેટ (૨૦૦૭), લવ આજ કલ (૨૦૦૯), રોકસ્ટાર (૨૦૧૧) જેવી અફલાતૂન ફિલ્મોના ડાયરેકરની વન્સ અગેઇન સુપર્બ ફિલ્મ એટલે 'હાઇ-વે' (૨૦૧૪)

ઇમ્તિયાધ અલી આ ફિલ્મના ડાયરેકર છે... દર બે વર્ષે એક જોરદાર ધમાકા સાથે આવવાની તેમની આદત છે...

વર્ષો પહેલા ઝી ટીવી પર 'રિશ્તે - લવ સ્ટોરી' નામની સિરીયલ આવતી હતી... જેમા દર અઠવાડિયે એક કલાકની અલગ અલગ સ્ટોરી આવતી હતી... તેમાં આ જ ઇમ્તિયાઝ અલીએ 'હાઇ-વે' નામની સ્ટોરી ડાયરેક્ટ કરી હતી...જેને વર્ષો પછી પોતે જ ફિલ્મનું સ્વરૂપ આપીને રજૂ કરી છે.

વાર્તાની શરૂઆત ખૂબ જ ધનાઢ્ય રાજકારણી ઘરના લગ્નની પૂર્વ સંધ્યાથી થાય છે... લગ્ન છે... વીરા ત્રિપાઠી (આલિયા ભટ્ટ) ના. રાત્રે વીરા અને તેનો ફિયાન્સ હાઇ-વે પર ડ્રાઇવ માટે નીકળે છે... ત્યાં જ પેટ્રોપ પંપ પર પેટ્રોલ પુરાવતી વખતે એક લોકલ ગેંગ દ્વારા વીરાનું (આલીયા ભટ્ટ)નું અપહરણ થઇ જાય છે... અપહરણ કર્તા મહાવીર ભાટી (રણદીપ હૂડા) છે... અને પછી પોલીસથી બચવા માટે તેમની સફર શરૂ થાય છે... દિવસો સુધી તેઓ એક ટ્રકમાં અલગ અલગ છ રાજયોમાં ફરતા રહે છે... અને આ સફર દરમિયાન વીરા (આલીયા ભટ્ટ) એક અલગ જ પ્રકારની શાંતિ અનુભવે છે. નાનપણની જે ગોઝારી ઘટના તેની સાથે ઘટી હતી તે અને તે ઉપરાંત રીચ ફેમિલીની 'તમીઝદાર' સિસ્ટમથી કંટાળેલી વીરા ટ્રકમાં અપહરણ થયેલી હોવા છતાં ઘર કરતાં અહીં વધુ સુકૂનનો અનુભવ કરે છે...

બાળપણમાં તેના જ એક કાકા દ્વારા 'ચાઇલ્ડ એબ્યુસ' નો ભોગ બનનારી વીરાને મહાવીર જેવા અપહરણકર્તા અને દેહાતી વ્યક્તિની સરળતા વધુ જચી જાય છે...

ઇવન એક સ્થળે એક ચેક પોસ્ટ પાસે તેની પાસે ભાગી જવાની પૂરતી મોકળાશ હોય છે, છતાં તે ભાગતી નથી...

વીરા મહાવીરને કહે છે કે, તેને આ સફર ગમે છે, તે ફરીવાર પોતાની લાઇફમાં પાછી જવા નથી માગતી, પરંતુ બાળપણમાં તેને પણ તેની માતાનું શોષણ થતાં જોયું છે, જેનું ઝેર તેના મગજમાં ભરાઇ રહ્યું છે, જેને કારણે તે દરેક અમીરને નફરત કરે છે...

વીરાના બાલીશ અને નિર્દોષ વર્તનથી તે પણ સંવેદનશીલ બને છે અને એક પર્વત પર ઘરમાં દિવસે સવારે ગોળીબારી થાય છે અને મહાવીરને મારી નાખવામાં આવે છે અને વીરાને તેના પરીવારના હવાલે કરી દેવામાં આવે છે...

વીરાને હવે તો તેના દંભી પરીવાર અને કહેવાતા સભ્ય લોકો વચ્ચે જરા પણ રહેવું ગમતું નથી અને તે એક વખત આખા પરીવારની હાજરીમાં - તેના પર બાળપણમાં સતામણી કરનાર કાકાને ઉઘાડા પાડી દે છે... અને ખૂબ જોરદાર ચીસ પાડે છે... જાણે આટલા વર્ષોનો દબાયેલો તેનો રોષ, છટપટાહટ બહાર નીકળે છે... અને અંતે તે નિર્ણય જાહેર કરે છે કે, હવે હું તમારી વચ્ચે નહીં રહી શકું...

તે પાછી હિમાચલ પ્રદેશની ટેકરી પર આવીને ત્યાં જ મહાવીરની યાદો સાથે રહેવા લાગે છે...

માત્ર દોઢ પાનાની વાર્તાને ડાયરેક્ટરે બે કલાક સુધી જે રીતે રજૂ કરી છે, તે કાબિલે તારીફ છે. આપણા સમાજની એ નબળાઇ છે કે બાળકોનો અવાજ ધ્યાનથી સાંભળવામાં આવતો નથી... લાલ જાજમ હેઠળ દંભ અને ગંદા સાપોલીયા વાળા મગજ સંતાડી દેવામાં આવે છે... 'ચાઇલ્ડ એબ્યુઝ' ખૂબ જ ગંભીર પ્રશ્ન છે... અને કમનશીબે ઘરનાં જ કોઇ સભ્ય દ્વારા આવી સતામણીનો ભોગ બનનાર બાળક જે મનોવ્યસ્થા અનુભવે છે તે દયનીય છે... ક્ષોભનીય છે... ઘણીવાર બાળક માતા-પિતાને હિંમત કરીને જણાવી પણ દે તો જૂઠી, દંભી રિલેશનશીપ ને સાચવવા માટે માતા-પિતા પણ ચૂપકીદી સેવે છે..

આલીયા ભટ્ટે આવી માનસિકતાને પડદા પર બખૂબી રજૂ કરી છે... ફિલ્મમાં તે મહાવીરને કહે છે કે અત્યારે મારે દુઃખી થવું જોઇએ કારણ કે હું મારું અપહરણ થયું છે... પરંતુ આશ્ચર્યજનક પણે મને દુઃખ નથી થયું.

તે જણાવે છે કે - 'મારે જયાંથી આવી છું ત્યાં પાછા પણ નથી જવું અને જયાં તું મને લઇ જાય છે, ત્યાં પણ નથી જવું, બસ આ હાઇ-વે પર સફર કરતા રહેવું છે.'

**"This Film is about the discovery of yourself while traveling."**

આ ફિલ્મ સફર દરમિયાન પોતાની જાતની ઓળખ છે... એક લેખમાં ફિલ્મ વિશે બધુ કહી શકાય તેમ નથી...

ભગવાન કરે અને જો મૂડ હશે, કલમ સાથ દેશે, સંજોગો અનુકૂળ થશે અને હૃદય હાકલ કરશે તો વધુ વાત આવતા સપ્તાહે...


# ગુજરાતના મહાન લોકસેવક, મુઠ્ઠી ઊંચેરા માનવી, મૂક સેવક - રવિશંકર મહારાજનો જન્મદિન

## પ્રસંગસર

- શાંતિભાઇ પટેલ

ગુજરાત રાજયનો શુભારંભ ૧લી મેં ૧૯૬૦ના રોજ મુઠ્ઠી ઊંચેરા માનવી, સંતશ્રી રવિશંકર મહારાજનો જન્મ ખેડા જિલ્લાના માતર તાલુના રઢુ ગામમાં પોતાના મોસાળમાં તા.૨૫-૦૨-૧૮૮૪ ના રોજ બ્રાહ્મણ કુળમાં થયો. પિતા - શિવરામ વ્યાસ, મૂળ નિવાસ મહેમદાવાદ તાલુકાના સરસવણી ગામ. પિતા શિક્ષક હતા. માતા નાથીબા ખુબ ધાર્મિક હતા.

પિતાનું ૧૯૦૪ માં પ્લેગના રોગથી અવસાન થયું, માતાજી પણ ૧૯૦૭માં પ્લેગથી મરમ પામ્યા ત્યારે દાદા ત્રેવીસ વર્ષના હતા, તેમને શાળાકીય શિક્ષણ છ ધોરણ સુધીનું જ મળ્યું હતું. તેમના લગ્ન તે સમયના રિવાય મુજબ નાની ઉંમરે તેર વર્ષની વયે ૧૮૯૭માં સૂરજબા સાથે થયાં. સૂરજબા પણ બે ધોરણ સુધી જ ભણ્યા હતા. રવિશંકર દાદાને ચાર સંતાનો હતા. શ્રી મેઘાવ્રત (પંડિતજી), શ્રી મહાલક્ષ્મીબેન, વિષ્ણુભાઇ અને લલિતાબેન, સૂરજબા ૧૯૭૦ માં ૮૩ વર્ષની વયે હાર્ટ એટેકથી પરલોકવાસી થયેલાં.



રાષ્ટ્રભાવનાના પવનમાં તણાયા ૧૯૧૭માં ગાંધીજીના સંપર્કમાં આવ્યા, ૧૯૨૩માં નાગપુરમાં ઝંડા સત્યાગ્રહમાં પહેલીવાર સાત માસની સજા વહોરી. બારડોલી સત્યાગ્રહમાં પણ દાદા સરદાર વલ્લભભાઇના જમણા હાથ બની અગ્ર ભાગ ભજવ્યો.

મહિસાગર નદીના કાંઠા વિસ્તારના ગામોમાં લોકોને દારૂ, ચોરી, જેવા અધમ કૃત્યોથી દૂર રહેવા પ્રતિજ્ઞા લેવડાવી, ઐતિહાસિક દાંડીકૂચની યાત્રા-મીઠા સત્યાગ્રહમાં જોડાયા અને પકડાયા, સૂરજબા સાથે અસહકારની લડતમાં જોડાયા અને દોઢ વરસ સુધી જેલમાં રહ્યા, ઉપરાંત રેલ સંકટ, કોલેરના રોગચાળો, દુકાળ, લોક ક્રાંતિમાં જોડાઇ સમાજ સેવાના કાર્યો કર્યા.

૧૯૬૭માં બિહારમાં છપ્પનીયા દુકાળમાં દાદા ૮૩ વર્ષની વયે પણ છ મહિના રોકાઇ રાહત કાર્યો કર્યા. ૧૯૬૯માં બનાસકાંઠાના દુકાળમાં, ૧૯૭૦ માં ભાલ-નળ કાંઠામાં સંકટગ્રસ્તોને મદદ ૧૯૭૧ માં બાંગ્લાદેશના નિર્વાસિતોને રાહત કાર્યો કરાવી માનવતાના પ્રહરી મુઠ્ઠી ઊંચેરા માનવી સતત ઝઝૂમતા રહ્યા.

ભૂદાન પ્રવૃત્તિ માટે દાદાએ પોતાની બધી જ જમીન ભૂદાન પ્રવૃત્તિમાં આપી દીધી, ગામડે ગામડે ફરી મોંઘવારી, કાળાં બજાર, લાંચ-રૂશ્વત સામે લડતા રહ્યા, એકસો એક વર્ષની ઉંમરે પણ તેઓ 'જન સેવા એ જ પ્રભુ સેવા' માની તા. ૦૧-૦૭-૦૧૯૮૪ના દિને જીવનલીલા સંકોરી પ્રભુ ધામને પામ્યા.

સાધુ - સંતો, દરિદ્રો અને ગરીબોની આજીવન સેવાઓ કરનાર આ મહાન લોક સેવક તેમના માનવતાના કાર્યોથી કાયમ જીવંત રહેશે.

# વાંચવા જેવું અને વિનામૂલ્યે વસાવવા લાયક પુસ્તક 'ઉપાસના' લેખક સ્વામી શ્રી શિવાનંદજી અનુવાદક શ્રી ધીરૂભાઇ શુક્લ

## મોંઘેરા મોતી


- નટવર આહલપરા

પંજાબ એન્ડ સિંઘ બેંકના મેનેજર અને અમારા મિત્ર અને ડી.સી. એમ. કોલેજ, વીરમગામ કોલેજના પ્રાધ્યાપક શ્રી અશ્વિન આણદાણીનો પરિચય થયો તેના પરિપાક રૂપે મળ્યા શ્રી ધીરૂભાઇ શુક્લ.

શ્રી અશ્વિન આણદાણી શ્રી ધીરૂભાઇ વિશે નોંધે છે :

'નિવૃત્તવયે પોતાના પેન્શનમાંથી માતાપિતાના પુણ્ય સ્મરણાર્થે પુસ્તક છપાવે છે એને નિઃશુલ્ક વહેંચે એવા આધુનિક ઋષિસમા પુસ્તક પ્રેમી કોઇ હોય તો એ ધીરૂભાઇ શુક્લ છે.'

'ૐ' શીર્ષક ધરાવતા આ પુસ્તકમાં ૧૪૨+૧૮ એમ કુલ ૧૬૦ પૃષ્ઠ છે. ૐકારનું પ્રાગટ્ય, ૐકારની સર્વવ્યાપકતા, ૐકાર મહિમા, ૐની ઉપાસના, શ્રીમદ્ ભગવદ્ગીતા અને અન્ય સંપ્રદાયોમાં ૐ, ૐ વિશે બે તત્ત્વો અને તેમનાં પિતાશ્રીની નોંધ જેવા નવેક પ્રકરણોમાં વિભક્ત આ પુસ્તકમાં (પરિશિષ્ટ-૧)માં ૐ વિશે વિશેષ માહિતી અને (પરિશિષ્ટ-૨)માં ૐ પ્રાર્થનાઓ અને ૐ ચાલીસા પણ સમાવિષ્ટ છે. એને આપેલી ૩૯ જેટલા સાક્ષીભૂત પુસ્તકોની યાદી જોઇએ ત્યારે ખબર પડે કે શ્રી ધીરૂભાઇ શુક્લે આ પુસ્તકના લેખન માટે કેટલો અભ્યાસ અને પુરૂષાર્થ કર્યો હશે!



'ૐ' પુસ્તકના આમુખમાં પ્રાતઃસ્મરણીય પૂજ્યશ્રી કે.કા. શાસ્ત્રી જેવા વિદ્વાને કહ્યું છે : 'મારે મતે તો આ અનન્ય અને અભૂતપૂર્વ ગ્રંથ છે.' 'ૐ' પુસ્તકની બીજી આવૃત્તિના પ્રકાશન સમયે નિવેદન-૧'માં મૂકેલ 'ૐ' કારનો અર્થ - શ્રી સદ્ગુરૂ કબીર સાહેબની વાણીમાં' લેખ તેમના ૐ વિષેના અભ્યાસનું સાતત્ય સૂચવે છે. નિવેદન-૨માં ભગવદ્ગીતાના આઠમાં અધ્યાપનો સંદર્ભ ટાંકી અંતે મૂકેલ 'પ્રાણ પ્રાણમાં પ્રણવ' નામની શ્રી રમેશ પટેલ 'પ્રેમોર્મિ'ની રચના પણ ખરેખર માણવા જેવી છે.'

તા.૧૭-૧૦-૧૯૩૫ માં જન્મેલા ધીરુભાઇ આજે ૭૮ વર્ષ વટાવી ચૂક્યા છે પણ તેમની કલમથી અવતરેલા પુસ્તકોની યાદી લાંબી પણ ઉપયોગી છે.

| | |
|---|---|
| • શ્રી ભગવાન ઉવાચ | ૧૯૯૮ |
| • ત્રિદલ | ૧૯૯૯ |
| • ચાલીસા અને આરતી | ૨૦૦૨ |
| • ૐ | ૨૦૦૩ |
| પુનઃમુદ્રણ | ૨૦૧૩ |
| • સ્વસ્તિક | ૨૦૦૫ |
| • ભગવાન પરશુરામ (પોકેટ બુક) | ૨૦૦૬ |
| • પ્રતીકોપાસના | ૨૦૦૬ |
| • પંચમહાભૂત | ૨૦૦૭ |
| • શ્રી | ૨૦૦૮ |
| પુનઃમુદ્રણ | ૨૦૧૩ |
| • ગીતાંજલિ | ૨૦૦૯ |
| પુનઃમુદ્રમ | ૨૦૧૩ |
| • ઉપાસના | ૨૦૦૯ |
| પુનઃમુદ્રણ | ૨૦૧૩ |

ઉપરોક્ત પુસ્તકોનું ધીરૂભાઇએ વિના મૂલ્યે વિતરણ કર્યું છે.

કોણ કરે આવું ભગવદ્ કાર્ય? કોને પડી છે?

'ઉપાસના' વિશે બે જ શબ્દો... તેમની કલમથી જ જાણીએ : 'સંસ્કૃતમાં કહ્યું છે કે,

'મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ ।'' આ જ વિચાર સાધના-ઉપાસના પુસ્તકનો છે, એવું મારું વ્યક્તિત્વ માનવું છે. વળી ગીતાજીમાં પણ કહ્યું છે કે,

ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્ દૃઢમ્ ।
તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્ ॥(૬/૨૪)
વધુ કશું નહીં....

હા, વામન જયંતિના પવિત્ર દિવસે આ 'સંક્ષેપ' પૂર્ણ થાય છે, તેનો અમને આનંદ છે.'

ૐ નામના એક અક્ષરનો મંત્રજાપ કરવો સહેલો છે પણ એના વિશે પુસ્તક લખવું એ કંઇ ખેલ નથી. આવું ભગીરથ કાર્ય તો મુરબ્બી ધીરૂભાઇ શુક્લ જ કરી શકે. આપણે તેમના નિરામય દીર્ઘાયુષની પ્રાર્થના કરીએ અને ૐ પ્રીતિઅર્થે છપાવેલ આ પુસ્તક એમના નિવાસ સ્થાને ફોન કરીને જઇએ અને રૂબરૂ મેળવી કૃતાર્થ બનીએ.

પૂ. સ્વામી શિવાનંદજીએ ૫૮૦ પાનાનો 'સાધના' નામનો આધ્યાત્મિક દૃષ્ટિએ અતિ સુંદર, સુદીર્ઘ ગ્રંથ રચ્યો છે. આજના જેટયુગમાં અત્યંત ઝડપી જિંદગી જીવનાર માણસ પાસે આટલો મોટો ગ્રંથ શાંતિથી વાંચવાનો ન તો સમય છે, ન તો ધીરજ! આ જ તો છે આપણા સૌની કરૂણતા!

તેથી વિચાર્યું કે સમુદ્ર મંથન કરીને કંઇક આમાંથી વીણી-વીણીને એવું નવનીત આપવું કે જેથી આજનો યાંત્રિક બનતો જતો માણસ, સમય કાઢીને, ધીરજથી અણમોલ ખજાનાનો અંશ વાંચ શકે! આથી આ વિચારનાં સંદર્ભે 'ઉપાસના'ની ઝેરોક્ષ-ફોટો કોપી તૈયાર કરી.

આપ વાંચશો તો મૂળ લેખકશ્રીને અને મને અત્યંત આનંદ થશે.

શતેષુ જાયતે શૂરઃ, સહસ્ત્રેષુ ચ પંડિતઃ ।
વક્તા દશસહસ્ત્રેષુ, દાતા ભવતિ વા ન વા ॥

● આજે પુસ્તકનું પુનમુદ્રણ થઇ રહ્યું છે, તે ધીરૂભાઇ માટે આનંદનો વિષય છે.

● આ માટે સ્વ. મુ.શ્રી ત્રંબકભાઇ એસ. શુક્લ તથા સ્વ. શ્રીમતી મૃદુલાબેન ત્રંબકભાઇ શુક્લની પુણ્ય સ્મૃતિમાં તેમનાં સુપુત્ર મિલન શુકલ (હૈદરાબાદ) એ સંપૂર્ણ યોગદાન આપેલ છે, તે બદલ તેમનો અને તેમના પરિવારનો હાર્દિક આભાર વ્યક્ત કરૈ છે.

● પ્રેસ સંબંધિત અને અન્ય તમામ કાર્યવાહી માટે ભાઇ ભૂપેન્દ્રકુમાર શ્રોતિય (ગાંધીનગર) એ જે ઉષ્માભર્યો સહયોગ આપ્યો છે, તે માટે તઓ પણ ધન્યવાદના અધિકારી છે તેમ ધીરૂભાઇ લાગણી વ્યક્ત કરે છે.

આત્માની અને મનની શાંતિ, એકાગ્રત અર્થે ભક્તો માટે સ્વખર્ચે લેખન - સંકલન કરી પુસ્તક પ્રગટ કરી વિતરણ કરતા ધીરૂભાઇને વંદના છે. તેમનાં મો.નં. છે : ૯૮૨૪૦૦૨૮૩૮

# બેચ જણ મોટી થાળીમાં ખમણ લઈને રસ્તાની બેચ બાજુ (સામસામે) સવારે ૧૦ ની આસપાસ ગોઠવાઈ ગયા, સાથે પાણીનો ઘડો અને પ્યાલો...

## ખમણ

## નાની અમથી વાત (હળવે હૈયે)

લે. ભર્ગદેવ ભટ્ટ 'હાસ્યાયન'

છગન અને મગ બેય પાક્કા દોસ્તાર, પણ બેયને બારમાંથી આગળનું ભણતર નો ચડ્યું તે નો જ ચડ્યું. બેય નવરાધૂપ. કાં પાનને ગલ્લે હોય કાં ચાની લારીએ કાં ક્યારેક લાયબ્રેરીમાં છાપા વાંચવા જાય. એમ દહાડા પૂરા કરે. એમા કોકે એ બેયને કાંક ધંધો-ધાપો કરવા સમજાવ્યા. બેયને વાત તો ગળે ઉતરી પણ ધંધોય શેનો કરવો? એ માટેય આવડત અને પૈસા જોઇએ ને? અંતે બેય જણે સાવ નાના પાયે ખમણ વેંચવાનું નક્કી કર્યું.

બેય જણ મોટી થાળીમાં ખમણ લઇને રસ્તાની બેય બાજુ (સામસામે) સવારે ૧૦ ની આસપાસ ગોઠવાઇ ગયા. સાથે પાણીનો ઘડો અને પ્યાલો. પાછા ખમણ ઉપર વઘારેલા મરચાં અને કોથમીરનું 'ડેકોરેશન' પણ કરેલું. પડખે ચટણીની તપેલી.

એમ કરતાં કરતાં સાડાબાર થવા આવ્યા પણ કોઇ કરતાં કોઇ જણ હજુ સુધી ખમણ ખાવા ફર્ક્યુ નહોતું. અને છગનનો તો ચોળચપોળ થવા માંડી. ઉપરાંટ પેટમાં તો (ભૂખના) બિલાડા બોલવા માંડ્યા. અંતે બધી શરમ તડકે મૂકીને ખિસ્સામાંથી પ્લાસ્ટિકની



કોથળીમાં પેક કરેલી પાંચની નોટ લઇને ગ્યો સામે મગન પાસે અને કીધું, 'લે પાંચ... મને ખમણ દે.' મફતનું ખાવા નહોતો માગતો એટલો તો પ્રામાણિક ખરો! એ તો ઝાપટી ગ્યો પાંચના ખમણ! બપોરે પોણો વાગ્યો ત્યાં સામેવાળા મગનની હાલતેય છગન જેવી જ થઇ. એટલે એય તે એની એ જ નોટ લઇને છગન પાસે આવ્યો અને કીધું, 'લે આ પાંચ રૂપિયા.... મનેય ખમણ દે.' તે પણ ખમણ ઝાંપટી ગ્યો ને ઉપરથી પાણી ઢીંચ્યું.

બંનેએ થોડા જ ખમણ ખાધા ત્યાં ઉલટાની ખરેખર ભૂખ ઊઘડી. એટલે છગન તો પાછો ઊભો થ્યો ને સામે મગન પાસે ગ્યો ને ફરી ઇ જ નોટ ધરી અને ખમણ માગ્યા! પત્યું... એય ઝાપટી ગ્યો... થોડીવાર પછી મગનની પણ એ જ હાલત થઇ. ગમે તેમ તોય જુવાન લોહી એટલે ભરપેટ ખાવા તો જોવે ને! મગન પાછો ઇ જ નોટ લઇને મગન પાસે ગ્યો ને પાંચના ખમણ ફરી ઝાપટી ગ્યો.

આમ ને આમ સાંજ સુધીમાં તો 'પ્લાસ્ટિક કોડેટ' નોટ ફરતી રહી ને ખમણ સાફ... એટલે સુધી કે થાળીઓય ઉટકવી નો પડે એવી ચોખ્ખી ચણાક કરી નાખી!!

***સુરસુરિયું :***

ઝાડા થયાં હોય ત્યારે ઊંઘની ગોળી નો લેવાય.